# ગુજરાત શહેરી વિકાસ મિશન

"કર્મયોગી ભવન", બ્લોક નં. ૧, ગ્રાઉન્ડ ફ્લોર, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૧૦
ટેલી નં. (૦૭૯) ૨૩૨૫૭૫૮૩, ફેક્સ નં. : (૦૭૯) ૨૩૨૫૭૫૮૨ ઈ-મેઈલ : info@gudm.org, Website : www.gudm.org

નં. : G.U.D.M./ હિ.શા./Accouting Work/૨૦૨૧-૨૨/૩૦૮/ 690 તારીખ તા.૧૦.૦૩.૨૦૨૨

10 MAR 2022

પ્રતિ,

૧) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, (તમામ મહાનગરપાલિકાઓ)

૨) રીજીયોનલ કમિશ્નરશ્રી (તમામ),

૩) મુખ્ય નાણાંકીય અધિકારીશ્રી, ગુજરાત શહેરી વિકાસ કંપની લિ., ગાંધીનગર

૪) ફાઇનાન્સ કન્ટ્રોલર, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર

૫) ચીફ ઓફીસરશ્રી, ૨૩ નગરપાલિકાઓ અમૃત મિશન ફેઝ-૧ ના

**વિષય:-** અમૃત-૦૧ યોજનાનું Single Nodal Accountનું એકાઉન્ટિંગને લગત કામગીરી કરાવવા બાબત.

**સંદર્ભ:-** અત્રેની કચેરીના તા.૦૪.૦૩.૨૦૨૨ના પત્ર ક્રમાંક:- હિ.શા./Accouting Work/૨૦૨૧-૨૨/૩૦૮/૬૦૮

**શ્રીમાન,**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકારશ્રીના તા.૨૩.૦૩.૨૦૨૧ના પત્રથી અત્રેની કચેરી ખાતે કાર્યરત કેન્દ્ર પુરસ્કૃત અમૃત યોજના અંતર્ગત PFMS Portal ઉપર Single Nodal Account (SNA) ખોલાવી તેનું PFMS Portal ઉપર રજીસ્ટ્રેશન કરી અમલીકરણ સંસ્થાઓ (Child Agency)નું Mapping PFMS Portal ઉપર Single Nodal Account (SNA) અંતર્ગત કરવાનું થાય છે. અત્રેની કચેરી ખાતે કાર્યરત અમૃત ૦૧ યોજનાની ગ્રાંટ સરકારશ્રી તરફથી PFMS Portal ઉપર Single Nodal Account (SNA)માં અત્રેની કચેરીને ફાળવવામાં આવશે અને ત્યારબાદ અત્રેની કચેરીએથી અમલીકરણ સંસ્થાઓ (Child Agency)ને ફાળવણી કરવાની રહેશે.

ઉપરોકત વિગતે હવેથી એક Single Nodal Account (SNA)માં જ ગ્રાંટની રકમ રહેશે. જેમાંથી જુદી-જુદી નગપાલિકા અને IA'sને ફંડ અત્રેની કચેરી દ્વારા PFMS દ્વારા ફાળવવામાં આવશે અને આ અંગેની વર્ચ્યુઅલ લિમિટ અત્રેની કચેરી દ્વારા આપની કચેરીને ફાળવવામાં આવશે. Single Nodal Account (SNA) માંથી TDS/Income tax/ GST વગેરે કપાતના ચૂકવણા માટે દર માસના અંતે PFMS Portal માંથી TDS/Income tax/ GST વગેરે કપાતની વિગતોનું પત્રક કાઢી તે મુજબની રકમ જે-તે અમલીકરણ સંસ્થાને અલગથી તેઓના Zero Balanceથી ખોલાવામાં આવેલ એકાઉન્ટમાં અત્રેની કચેરી દ્વારા ફાળવવામાં આવશે.

ઉપરોકત વિગતો ધ્યાને લેતા 31 ULB, 01 GUDCL અને 01 GSWWB મળી કુલ 33 અમલીકરણ સંસ્થા અન્વયે Single Nodal Account (SNA)ને લગતા Accounting અને માસિક TDS/Income tax/ GSTની વિગતો તેમજ વાર્ષિક હિસાબોની વિગતો Tallyમાં નિષ્ણાંત Chartered Accountant (CA) પાસેથી તૈયાર કરાવવા નિર્ણય લેવાતા સંદર્ભમાં દર્શાવેલ પત્રથી M/s Samir M. Shah & Associatesને આ કામગીરી સોંપવામાં આવેલ છે.

ઉપરોકત વિગતે હવેથી અમૃત યોજના અન્વયેની ૩૩ અમલીકરણ સંસ્થાઓ પાસેથી અમૃત યોજના અંતર્ગત થતા ખર્ચના તમામ વાઉચરોની PDF/Zerox નકલ આપની કચેરીએથી અત્રેની કચેરી દ્વારા નિમવામાં આવેલા Chartered Accountant (CA)ના પ્રતિનિધિને આપવા વિનંતી છે. જેથી તેઓ આપના વાઉચરોની અત્રેની કચેરીના Tally Softwareમાં એન્ટ્રી કરી શકે. આ ઉપરાંત દરેક માસના અંતે આપની કચેરીમાંથી ચૂકવાયેલ તમામ બિલોનું બિલવાર થયેલ ચૂકવણા તેમજ કપાતની વિગત સાથેનું પત્રક સક્ષમ અધિકારીશ્રીની સહી કરી અત્રેની કચેરીને મોકલી આપવા વિનંતી છે.

નિયામક (નાણાં)